EDI

Divya Bhaskar

March 18, 2016
Page No. 2
On City Bhaskar

SBS / BD

# રાજ્યભરના 101 કસબીઓએ આંત્રપ્રિન્યોરશીપના પાઠ ભણ્યા

સિટી રિપોર્ટર @ahm_cb

હસ્તકળાની બાબતમાં ગુજરાતને સમૃદ્ધ રાજ્ય ગણવામાં આવે છે. હસ્તકલાનો વિકાસ પર્યટન સાથે મળીને કેવી રીતે આગળ વધી શકે તે માટે ભારતીય ઉદ્યમિતા સંસ્થાન અને ટુરિઝમ કોર્પોરેશન ઓઉ ગુજરાત સાથે મળીને સ્કિલ ડેવલપમેન્ટ અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનુ આયોજન કર્યુ હતુ. જેમાં ગુજરાત રાજ્યમાંથી આવેલા 101 કસબીઓએ ભાગ લીધો હતો. 10 દિવસના ટ્રેનિંગ પ્રોગ્રામ દરમિયાન કસબીઓએ પરંપરાગત ભારતીય હસ્તકળાને આધુનિક સમયમાં કેવી રીતે પ્રમોટ કરવી તે અંગેની તાલિમ આપવામા આવી હતી. નવી પ્રોડ્કટનું માર્કેટિંગ અને સેલિંગ કેવી રીતે કરવુ તેની પણ માહિતી આપવામા આવી હતી. આ અંગે ઈડીઆઈઆઈના ડાયરેક્ટ ડૉ.સુનિલ શુક્લાએ કહ્યું કે, આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં રાજ્યભરમાંથી આવેલા કસબીઓને માહિતી અપાઈ હતી.